(૭) આશ્રવભાવના:

કર્મોનું આત્મામાં આવવું તે આશ્રવ. આશ્રવનું મુળ કારણ મિથ્યાત્વ છે. તેનાથી ઘણા ચીકણા કર્મો બંધાય છે. જ્યાં સુધી મિથ્યાત્વ છે ત્યાં સુધી આત્મકલ્યાણ થતું નથી. આશ્રવના કારણોનું વર્ણન છઠ્ઠા-સાતમા અધ્યાયમાં વિસ્તારથી સમજાવ્યું છે. ત્રિવિધ યોગો એ સામાન્યથી આશ્રવ હેતુ છે અને ઇન્દ્રિય કષાય અવ્રત તથા ક્રિયા એ વિશેષે આશ્રવ હેતુ છે.

અજીવાધિકરણના ૧૦૮ અને જીવાધિકરણના ૧૧ ભેદો છે. Page 361 362

આ સૂત્રોમાં કહેલા કારણોથી આ જીવ સતત કર્મોનો આશ્રવ કરે જ છે. જો આમ આશ્રવ ચાલુ જ રહેશે તો હે આત્મન્! તારી મુક્તિ ક્યારે થશે? આશ્રવ દ્વારા આવેલા કર્મોનો આત્મા સાથે બંધ થાય છે. સ્થિતિબંધ અને રસબંધ પામેલા કર્મો તોડવા દુષ્કર બને છે. ભાવિમાં તેમના ફળો પણ માઠા પ્રાપ્ત થાય છે. કર્મોના ફળો ભોગવવા બહુ જ દુઃખદાયી હોય છે. નરકગતિમાં પરસ્પર વેદના, ક્ષેત્રકૃતવેદના અને પરમાધામી દેવો વડે કરાયેલી વેદના અપાર છે. તિર્યંચગતિમાં અજ્ઞાનપણું, આહાર-પાણી માટે પરાધીનતા, ઠંડી, ગરમી અને રોગોના દુઃખો સહન જ કરવાના. મનુષ્યગતિમાં કુટુંબ અને સમાજના કુસંપના દુઃખ, ઇષ્ટની પ્રાપ્તિ, સંરક્ષણ અને વિયોગના દુઃખો, દેવગતિમાં પણ ઝુલ્મો, અપહરણો, ઈર્ષ્યા અને દ્વેષ વગેરેના દુઃખો એમ ચારે ગતિમાં પૂર્વે કરેલા આશ્રવોના ફળો દુઃખરૂપ જ છે. આવી ભાવના ભાવવાથી આશ્રવોનો નિરોધ કરવાની ભાવના ઉત્પન્ન થાય છે.

(૮) <u>સંવરભાવના</u>: આવતા કર્મો કેવી રીતે રોકી શકાય તેનું ચિંતન કરવું તે સંવરભાવના. આ અધ્યાયમાં સમજાવાતા સમિતિ, ગુપ્તિ, યતિધર્મ, ભાવના, પરિષહ અને ચારિત્રના ભેદોનું ચિંતન મનન કરે અને યથાશક્તિ જીવનમાં ઉતારે તો ઘણું ઘણું સંવરનું કાર્ય સિદ્ધ થાય. જીવન સદાચારી બને. આકુળતા આપનારા દુઃખોનો વિરામ થાય. ધીરે ધીરે આત્મા સંવરના સેવન દ્વારા મુક્તિગામી બને.

(૯) <u>નિર્જરાભાવના</u>: પૂર્વબદ્ધ કર્મોનો ક્ષય કરવો તે નિર્જરા કહેવાય છે. તેના કારણો, સ્વરૂપ અને ગુણની વિચારણા કરવી. નિર્જરાના કારણો છ બાહ્યતપ અને છ અભ્યંતરતપ છે. જેનું વર્ણન આ અધ્યાયમાં જ આવવાનું છે. <u>બાર પ્રકારના તપનું</u> વારંવાર જો સેવન કરવામાં આવે તો કર્મોની ઘણી નિર્જરા થાય. જીવન પવિત્ર અને નિર્દોષ બને.

નિર્જરા બે પ્રકારે થાય છે. કર્મોનો ક્ષય કરવાનો આશય રાખ્યા વિના પૂર્વબદ્ધ કર્મોના ઉદયથી જે સહન કરવું તે <u>અકામનિર્જરા</u> કહેવાય છે. જેમ કે રાજા ચોરી કરનાર ચોરને દંડે ત્યારે ચોરે માર સહન કર્યો, કારાવાસ સહન કર્યો તેથી ઉદયથી ભોગવવા દ્વારા તેટલા કર્મોની નિર્જરા થઈ. પરંતુ તે કાળે આર્તધ્યાન રૌદ્રધ્યાન અને કષાયોથી તીવ્ર માત્રાએ આ જીવ ઘણું નવું કર્મ બાંધે છે. કર્મોનો ક્ષય કરવાનો આશય ન હોવાથી ઉદય દ્વારા અલ્પક્ષય અને મનના કાલ્પનિક સંકલ્પ વિકલ્પ સ્વરૂપ અધ્યવસાયો દ્વારા ઘણો બંધ થાય છે. શાસ્ત્રમાં તેને અકુશલાનુબંધી કહેવામાં આવે છે.

પાપને વધારે બંધાવનારી જ આ નિર્જરા ખોટના ધંધા જેવી છે. લાભ કરતા નુકશાન ઘણું છે. નારકીના જીવો, એકેન્દ્રિયના જીવો પોતપોતાના ભવમાં ઉદયમાં આવેલા કર્મોને ભોગવવા દ્વારા આવી નિર્જરા કરે છે. પરંતુ તે કાળે કાષાયિક પરિણામોથી અનેકગણું બાંધે છે. માટે આ નિર્જરા અકુશલાનુબંધી છે.

કર્મોને ખપાવવાના આશય પૂર્વક જે નિર્જરા કરાય તે સકામ નિર્જરા કહેવાય છે. અહીં કર્મ ખપાવવાની અને તેમા આવતું દુઃખ સહન કરવાની મનોવૃત્તિ હોવાથી કર્મોના વિપાકોદય કાળે આર્ત રૌદ્ર ધ્યાન કે કાષાયિક પરિણામ હોતા નથી પરંતુ સમભાવ અને દુઃખ આપનારા ઉપર પણ કરૂણાનો ભાવ હોય છે. તેથી શુભ ધ્યાન હોય છે માટે નવા કર્મ બંધાતા નથી. જુના કર્મ બળી જાય છે. આત્માના ગુણો ખીલે છે અને કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. ગજસુકુમાલ મુનિ, મેતારજ મુનિ, ખંધક મુનિના શિષ્યો તથા મહાવીર ભગવાનના દૃષ્ટાંતો સુપ્રસિદ્ધ છે. આ નિર્જરા મુક્તિનું કારણ બને છે.

નિર્જરાના ફળની વિચારણામાં આવી નિર્જરાથી અશુભ કર્મો બંધાતા નથી માટે નિરનુબંધી (અનુબંધ વગરના) અને શુભકર્મ જ બંધાય છે. માટે કુશલાનુબંધી અથવા શુભાનુબંધી કહેવાય છે. આ શુભકર્મો પણ ઉદયકાળે મોક્ષના પ્રતિબંધક થતા નથી પરંતુ મનુષ્યગતિ

સ્પર્શેન્દ્રિય જાતિ અને પુણ્યકર્મના ઉદયથી સંઘયણ આદિ આપવા દ્વારા મોક્ષમાં સહાયક થાય છે. નિર્જરાના ફળ રૂપે આવૃત ગુણો અનાવૃત થાય છે. આત્માનું ગુણસ્થાનકોમાં આરોહણ (ઉપર ચઢે) થાય છે અને અંતે મુક્તિપદ પામે છે.

(૧૦) લોકસ્વરૂપ ચિંતન ભાવના:

ચૌદ રાજુ પ્રમાણ લોકનું સ્વરૂપ વિચારવું. આ લોક જીવ અને અજીવ દ્રવ્યોથી ભરેલો છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય એક એક દ્રવ્ય છે અને સમસ્ત લોકવ્યાપી છે. ધર્માસ્તિકાય જીવ અને પુદ્ગલોને ગતિસહાયક છે અને અધર્માસ્તિકાય જીવ અને પુદ્ગલોને સ્થિતિસહાયક છે. આકાશ દ્રવ્ય લોક અને અલોકમાં વ્યાપ્ત છે. જીવ અને અજીવથી વ્યાપ્ત આકાશને લોકાકાશ અને શેષ આકાશને અલોકાકાશ કહેવાય છે.

લોકાકાશનો આકાર કેડે હાથ રાખી પગ પહોળા કરી ઉભેલા મનુષ્ય જેવો છે. જીવ દ્રવ્યો અનંત છે. અસંખ્યપ્રદેશી છે. સંસારી જીવો અનાદિ-અનંત છે. શરીર માત્ર વ્યાપી જીવ છે. નિગોદ અવસ્થામાં એક શરીરમાં અનંત જીવ છે. શેષ (બાકીની) અવસ્થાઓમાં સર્વત્ર એક શરીરમાં એક જીવ છે. ધર્મ-અધર્મ-લોકાકાશ અને એક જીવના પ્રદેશો અસંખ્યાત અને પરસ્પર સમાન છે. સૂક્ષ્મ પાંચે પ્રકારના એકેન્દ્રિય જીવો લોકમાં સર્વત્ર ઠાંસી ઠાંસીને ભરેલા છે. બાદર જીવો લોકના અમુક ભાગોમાં છે. પુદ્ગલ દ્રવ્યો અનંતા છે.

જીવ અને પુદ્ગલનો સંયોગ એ જ સંસાર અને તેનો વિયોગ એ જ મુક્તિ કહેવાય છે. કાળમાં ભૂત-ભવિષ્ય ગણિને વિચારો વ્યવહારનય અપેક્ષામાં છે અને વર્તના પરિણામાદિ રૂપ નિશ્ચયનય અપેક્ષામાં છે. આ કાળ એ દ્રવ્ય નથી પરંતુ જીવ અને અજીવના પર્યાયમાત્ર સ્વરૂપ છે. તેથી તેને ઉપચરિત દ્રવ્ય કહેવાય છે. દિગમ્બર આમ્નાયમાં પરમાણુની જેમ કાલાણુ દ્રવ્ય માનેલું હોવાથી ત્યાં કાળ દ્રવ્ય છે. આ સર્વ દ્રવ્યો નિત્ય (ધ્રુવ) છે તેનો કોઈ કર્તા કે વિનાશક નથી. પરંતુ પર્યાયથી સદા ઉત્પાદ-વ્યય યુક્ત અર્થાત્ અનિત્ય છે. તેમાંથી કાર્ય ઉપાદાન અને નિમિત્તના યોગે થાય છે. આવું લોકનું સ્વરૂપ (પાંચમા અધ્યાયમાં કહ્યા મુજબ) વિચારવાથી અજ્ઞાન દૂર થાય છે. સમ્યગ્જ્ઞાન પ્રગટે છે. તેથી ક્રમશ:, રૂચિ વધતાં કર્મોની નિર્જરા થાય છે.

(૧૨) બોધિ દુર્લભ ભાવના:

બોધિ એટલે સમ્યક્ત્વ. મોક્ષનો સાચો સીધો માર્ગ. એની પ્રાપ્તિ આ સંસારમાં અતિ દુર્લભ છે. અનાદિ કાળથી આ જીવ નિગોદમાં (અવ્યવહાર રાશિમાં) જ જન્મ મરણ કરતો ભમતો રહ્યો. કોઈક કાળે તેથી ભવિતવ્યતાના યોગથી નિગોદમાંથી તો નીકળ્યો પરંતુ વ્યવહાર નિગોદ, પૃથ્વીકાય આદિ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય આદિ અસંખ્યાત ભવોમાં અનંતકાળ સુધી ભમતાં ભમતાં તથા મહા અપૂર્વ પુરુષાર્થ થી માંડી પંચેન્દ્રિયનો ભવ મળ્યો છે. તેમાં પણ નરક, તિર્યંચ અને દેવોના ભવોમાં કેટલાંય સાગરોપમ કાળ પસાર કરતાં મહાપુણ્યોદયે મનુષ્યનો ભવ આર્યકુળ જૈનધર્મની પ્રાપ્તિ અને જિનવાણીનું શ્રવણ મળે છે. આ બધું ઉત્તરોત્તર અધિક અધિક દુર્લભ છે. જિનવાણીનું શ્રવણ મળ્યા પછી પણ તેની રુચિ થવા રૂપ બોધિબીજ મળવું અતિશય દુર્લભ છે. રત્નત્રયી એ જ સાચો મુક્તિનો માર્ગ છે. સંસારના સમસ્ત સુખો અસાર છે. આવી પ્રતીતિ થવી તે કર્મોની લઘુતા થયા વિના અશક્ય બને છે. માટે હે આત્મન્! તને બોધિ દુર્લભ વસ્તુનો મળી ચૂકી છે, હવે તું સાવધ થા. પ્રમાદ ત્યજીને મુક્તિમાર્ગનું આરાધન કરવા પુરુષાર્થ કર.

(૧૨) <u>ધર્મસ્વાખ્યાતત્વ ભાવના</u>:

જિનેશ્વર પરમાત્માએ બતાવેલો "રત્નત્રયીની આરાધના રૂપ ધર્મ" એ જ સર્વોત્તમ ધર્મ છે. જિનેશ્વર પરમાત્મા વીતરાગી અને સર્વજ્ઞ છે. રાગાદિ મોહના સમસ્ત દોષોથી રહિત છે. તેથી અસત્ય બોલવાનું કંઈ પણ પ્રયોજન નથી. સર્વજ્ઞ હોવાથી યથાર્થ સ્વરૂપના જ્ઞાતા છે. તીર્થંકર નામ કર્મના ઉદયવાળા હોવાથી પરનું કલ્યાણ કરવા કોઈ વાણી પ્રકાશિત કરનારા છે. માટે સંસાર સાગરથી તારનારો સાચો ધર્મ તેમણે બતાવ્યો છે. આશ્રવ એ હેય છે. સંવર અને નિર્જરા ઉપાદેય છે. આત્માના ગુણો પ્રાપ્ત કરવા એ જ ધર્મ છે. ગુણોનું પરમ નિધાન (ખજાનો) પોતાના આત્મા પાસે જ છે. કસ્તુરી મૃગને જેમ પોતાની નાભિમાંથી કસ્તુરીની સુગંધ આવે છે તેની ખબર નથી તેથી અહીં તહીં ભટક્યા કરે છે તેમ મારા ગુણો મારી પાસે જ છે મારે જ મેળવવાના છે એ જ સાચો ધર્મ છે. તેના માટેજ બધી આરાધના છે. <u>દાન-શીલ-તપ અને ભાવ</u> આ ચાર પ્રકારનો ધર્મ અનુક્રમે પરિગ્રહ-મૈથુન-આહાર અને ભય સંજ્ઞાને તોડવા માટે છે. વિકારો, વાસનાઓ અને કષાયો એ આત્માનો સ્વભાવ નથી પણ વિભાવ છે. તેનો ત્યાગ કરીને સ્વ સ્વભાવમાં આવવું એ જ ધર્મ છે. એજ મુક્તિની પ્રાપ્તિનું પરમ નિદાન છે. હું તેને સાચી રીતે આરાધું એવી ભાવના ભાવવાની છે.

ઉપર મુજબ બાર ભાવનાઓ ભાવવાથી સંસારનો અને સંસારના સુખનો રાગ ઘટે છે. રાગ ઘટવાથી દ્વેષ ઘટે છે. રાગ-દ્વેષ ઓછા થવાથી આર્ત-રૌદ્રધ્યાન ઘણા ઓછા થાય છે. તેથી કર્મોના આશ્રવોનો નિરોધ થતાં સંવર-નિર્જરા વૃદ્ધિ પામે છે. તેથી મુક્તિની પ્રાપ્તિ અત્યંત સુલભ બને છે. બાર ભાવનાઓનું વધુ વર્ણન શાંતસુધારસ ~~[illegible]~~ ગ્રંથમાંથી જોઈ લેવું.